# સંસદીય લોકશાહીની પ્રણાલિને જાળવી રાખીને ગૃહની કામગીરી ચલાવવી આપણા સૌની જવાબદારી છે : ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૧

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સંસદીય લોકશાહીની પ્રણાલિને જાળવી રાખીને ગૃહની કામગીરી ચલાવવી આપણા સૌની જવાબદારી છે.

વિધાનસભા ગૃહમાં વિરોધ પક્ષે ચર્ચા માટે ઉઠાવેલા મૂદ્દા સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ દરમ્યાન થતાં કહ્યું કે, રાજ્યમાં કોઈપણ ઘટના બને તો તેના માટેની ચર્ચા ખુલ્લા મને કરવા તેમની સરકારનું મન હંમેશા ખુલ્લું છે અને ખુલ્લું રહેશે. ગૃહની કાર્યવાહી નિયમાનુસાર ચાલતી હોય ત્યારે વિપક્ષના સભ્યો જે રીતે મુદ્દો ઉઠાવીને ચર્ચા કરવા ફરજ પાડી રહ્યા છે તે સ્હેજ પણ વ્યાજબી નથી. એમ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યના નાગરિકો હોય કે યુવાઓ સૌનું હિત જ આ સરકાર ઈચ્છે છે અને સરકારે એમાં કાંઈ છૂપાવવાનું નથી.

વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, પેપર લીકની ઘટના બની એ સંદર્ભમાં પણ સરકાર કડકમાં કડક પગલાં લઈ શકાય તે માટેની કાયદાકીય જોગવાઈઓ કરતું વિધેયક ગૃહમાં લાવી છે. એટલું જ નહિ, એમાં પણ સૌ સભ્યોએ ચર્ચાઓ કરીને આ વિધેયક પસાર કર્યુ છે.

તેમણે ઉમેર્યુ કે, યુવાનોને કોઈપણ પ્રકારે નુકશાન ન થાય એ માટે સરકાર પ્રોએક્ટીવ થઈને કામગીરી કરી રહી છે. કાયદાકીય રીતે ગેરવ્યાજબી પ્રવૃત્તિ રોકવાની પૂરતી તાકાત સાથે રાજ્ય સરકાર કાર્યરત છે. સરકારે આવી પ્રવૃત્તિઓને સાંખી નથી અને સાંખી લેવાની પણ નથી. મુખ્યમંત્રીશ્રીએ વિપક્ષ દ્વારા વિધાનગૃહમાં આયોજનબદ્ધ રીતે વિરોધ કરીને ગૃહની કામગીરી ખોરંભે પાડવાના પ્રયાસની પણ આલોચના કરી હતી.





મુક-બધિર સમૂહ લગ્નો પૂર્વે ગરબા : શહેરના આંગણે ગુરૂવારે અનોખો સમુહ લગ્નોત્સવ યોજાઈ રહ્યો છે... સમર્પણ મુક-બધિર સંસ્થા દ્વારા સતત ૭મો મુક-બધિર સમુહ લગ્નોત્સવ ભારે ઉલ્લાસપૂર્વક યોજાશે... બુધવારની પૂર્વ સંધ્યાએ મધ્યવર્ગીય પરિવારોમાં યોજાતા લગ્ન નિમિત્તે ગરબાની જેમ જ ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો... ગરબામાં ૧૨ નવયુગલ ઉપરાંત મિત્રો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા... અને સાથે સાથે સંસ્થાના સૂત્રધારો પણ મુક-બધિરો સાથે ગરબે ઘુમ્યા હતા... દિવ્યાંગ બાળકોના જીવનમાં ઉલ્લાસ અને જોમ-જોશ પૂરો પાડવાનું સામાજીક કાર્ય સમર્પણ મુક-બધિર સંસ્થા દ્વારા થાય છે જેને સમાજના આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે... તે સામાજીક ચેતનાનું સદભાગ્ય ગણી શકાય...

# વિકાસ સહાયની રાજ્યના પોલીસ વડા તરીકે કાયમી નિમણૂક કરાઈ

## પોલીસ વડા ભાટીયા ૩૧ જાન્યુ.એ નિવૃત્ત થયા હતા : વિકાસ સહાય ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી છે

ગાંધીનગર, તા.૧

ગુજરાતના નવા પોલીસ વડા આશિષ ભાટીયા ૩૧ જાન્યુઆરીએ નિવૃત્ત થયાં છે. ત્યારે નવા ઈન્ચાર્જ પોલીસ વડા તરીકે ૧૯૮૯ બેચના આઈપીએસઅધિકારી વિકાસ સહાયને ચાર્જ સોંપવામાં આવ્યો હતો. હવે આજે વિકાસ સહાયને રાજ્યના પોલીસ વડા તરીકે કાયમી નિમણૂંક કરવામાં આવી છે. અગાઉ નવા ડીજીપીમાટે ૩ આઈપીએસઅધિકારીઓ રેસમાં હતા. જેમાં અમદાવાદ પોલીસ કમિશ્નર સંજય શ્રીવાસ્તવ, વિકાસ સહાય અને અજય તોમરના નામની ચર્ચા હતી. જેમાં આખરે વિકાસ સહાય હવે ગુજરાતના નવા ડીજીપીબન્યાં છે. વિકાસ સહાય ૧૯૮૯ બેચના આઈપીએસઅધિકારી છે અને તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડમી, હૈદરાબાદમાં તાલીમ મેળવી હતી.



પોલીસ વિભાગમાં ૧૯૯૯માં એસપી આણંદ, ૨૦૦૧માં એસપી અમદાવાદ ગ્રામ્ય, ૨૦૦૨માં અમદાવાદ શહેરના ડીસીપી ઝોન ને અને ", ૨૦૦૪માં અમદાવાદ શહેરના ડીસીપી ટ્રાફિક, એડિશનલ સીપી ટ્રાફિક જેવા અસંખ્ય મહત્વના હોદ્દાઓ સંભાળ્યા છે.તેમની પસંદગી દેશની પ્રથમ પોલીસ યુનિવર્સિટી "રક્ષા શક્તિ યુનિવર્સિટી"ની સ્થાપના માટે કરવામાં આવી હતી. અગાઉ વિજય રૂપાણીની સરકાર વખતે પેપરલીકને કારણે ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાય સાઈડલાઈન થઈ ગયા હતા. હવે ભૂપેન્દ્ર પટેલની સરકારમાં વિકાસ સહાય ફરી સાઈડમાંથી મેઈન જગ્યા ઉપર આવ્યા છે. આશિષ ભાટીયાની નિવૃત્તિ બાદ વિકાસ સહાયને ઈન્ચાર્જ ડીજીપી તરીકે જવાબદારી સોંપાઈ હતી. પરંતુ હવે તેઓ રાજ્યના કાયમી ડીજીપીબન્યાં છે.

# જિલ્લા દીઠ ૭૫ અમૃત સરોવર વિકસાવવા વડાપ્રધાનની હાકલને બહોળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧

ભારતને આઝાદ થયાને ૭૫ વર્ષ પૂર્ણ થયા હોવાથી સરકાર દ્વારા સમગ્ર દેશમાં આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી દેશવાસીઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના બળવત્તર બને એ માટે આઝાદીના ૭૫ વર્ષની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. માત્ર ઉજવણી જ નહિ, પણ સાથે જ દેશના વિકાસ અને સંસાધનોના સંરક્ષણ માટે સંકલ્પ સ્વરૂપે કેટલીક આગવી પહેલ પણ હાથ ધરવામાં આવી રહી છે. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત હાથ ધરાયેલી એવી જ એક મહત્વપૂર્ણ પહેલ એટલે "અમૃત સરોવરોનું નિર્માણ".

દર વર્ષે ઉનાળો જામે અને તેની કાળઝાળ ગરમીના કારણે પાણીના વિવિધ સ્રોત ખાલી થઈ જતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકો પાણીની સમસ્યાથી ઝઝુમતા હોય છે. વળી પાછા જમીની પાણીના સ્તર ઊંડા થતા જાય એ સમસ્યા તો ખરી જ. દેશના ગ્રામ્ય વિસ્તારોમાં ઉદ્ભવતી પાણીની આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અને જમીની પાણીના સ્તર ઊંચા લાવવા આઝાદીના અમૃત વર્ષમાં કેન્દ્ર સરકારે "અમૃત સરોવર પ્રોજેક્ટ" અમલમાં મૂક્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનથી શરુ થયેલી આ પહેલ હેઠળ દેશના દરેક જિલ્લામાં ૭૫ તળાવો પસંદ કરીને તેને 'અમૃત સરોવર' તરીકે વિકસાવવા માટે તેમણે આહ્વાન કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કરેલા આહ્વાનને ગુજરાતના તમામ જિલ્લાઓએ ઝીલી લઈ મિશન મોડમાં કામગીરી શરુ કરી, જેના પરિણામે આજે ગુજરાતમાં ૬૫૦ કરતા પણ વધારે અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું, અને અનેક અમૃત સરોવરોને વિકસાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. ગુજરાતનો અરવલ્લી જિલ્લો અમૃત સરોવરના નિર્માણમાં નોંધપાત્ર કામ કરી રહ્યો છે. અરવલ્લી જિલ્લાએ ૭૫ નહિ પણ ૮૦ અમૃત સરોવરો વિકસાવવાનું બીડું ઉપાડ્યું છે. સરાહનીય બાબત તો એ છે કે, ગત ૧૫મી ઓગસ્ટ, ૨૦૨૨ના શુભ દિવસે અરવલ્લીના તૈયાર થઈ ગયેલા ૨૦ અમૃત સરોવર ઉપર ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો, જેની સંખ્યા હાલમાં વધીને ૨૭ સુધી પહોંચી છે, અને હજુ પણ ૫૩ સરોવરને વિકસાવવાનું કામ પ્રગતિમાં છે.

## કેમ્પનું આયોજન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આપવામાં આવશે જેથી તેમની આરોગ્યની સેવાઓ ઝડપી ઉપલબ્ધ બનશે તેમજ તેમની આરોગ્ય વિષયક વિગતો પણ ડિજીટલી સરળતાથી ઉપલબ્ધ થશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત કેમ્પસમાં આ કેમ્પ સવારે ૧૧ વાગે શરૂ થશે અને ૧.૩૦ કલાક સુધીમાં પંચાયતના તમામ કર્મચારીઓને આવરી લેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સદસ્યો માટે જ આ કેમ્પ યોજવામાં આવ્યો છે.

## વસુલાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વેચ્છાએ દબાણો દુર કરવા માટે નોટીસ પણ આપવામાં આવી છે. જયારે વેપારીઓ નોટીસના અંતે પણ દબાણો દુર નહીં કરે તો આગામી સપ્તાહમાં તંત્રની ટીમ બુલડોઝર સાથે સ્થળ પર પહોંચશે તેમ પણ જણાવાયુ છે. જયારે ફુડકોર્ટની દુકાનોના ભાડા વસુલી મામલે હજુ પણ ૫૦ લાખની વસુલાત બાકી છે. જે આગામી દિવસોમાં પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

## ઘરેલુ ગેસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧,૦૫૦.૫૦, બેંગલુરુમાં રુ. ૧,૦૫૫.૫૦, ભુવનેશ્વરમાં રુ. ૧,૦૭૯.૦૦, ચંદીગઢમાં રુ. ૧,૧૧૨.૫૦, હૈદરાબાદમાં રુ. ૧,૧૦૫.૦૦, જયપુરમાં રુ. ૧,૦૫૬.૫૦, લખનૌમાં રુ. ૧,૦૯૦.૫૦, પટનામાં રુ. ૧,૨૦૧.૦૦ અને ત્રિવેન્દ્રમમાં રુ. ૧,૦૬૨.૦૦ની કિંમત છે.

મહત્વનું છે કે, ભારતમાં એલપીજીની કિંમત સરકારી ઓઈલ કંપનીઓ દ્વારા માસિક ધોરણે નક્કી કરવામાં આવે છે અને તેમાં ફેરફાર થઈ શકે છે. ૨૦૧૪માં ૧૯ કિલો વજનના કોમર્શિયલ સિલિન્ડર દીઠ રુ. ૩૫૦ના વધારા પછી આ બીજો સૌથી મોટો સિંગલ ટાઈમ વધારો છે. કોમર્શિયલ એલપીજી સિલિન્ડર જૂન ૨૦૨૨ પછી પહેલીવાર ફરી પ્રતિ સિલિન્ડર રુ. ૨૧,૦૦થી ઉપર પહોંચ્યો છે. ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત ૧,૭૬૯ રુપિયાથી ૧૯.૮ ટકા વધીને ૨,૧૧૯ રુપિયા થઈ ગઈ છે. જ્યારે ૧૪.૨ કિગ્રા LPG સિલિન્ડરની કિંમત ૪.૭ ટકા વધીને ૧,૦૫૩ રુપિયાથી વધીને ૧,૧૦૩ રુપિયા થઈ ગઈ છે.

## રેકોર્ડ ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હરિયાણાના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગનું અનુમાન છે કે, આગામી ૨ કલાક દરમિયાન દિલ્હી, એનસીઆર (હિંડોન એએફ સ્ટેશન, ગાઝિયાબાદ, ઈન્દિરાપુરમ) કરનાલ, મેહમ, રોહતક, ભિવાની (હરિયાણા), હસ્તિનાપુર, ચાંદપુર, અમરોહા (યુપી) અને આસપાસના વિસ્તારોમાં અમૂક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. મધ્યમ વરસાદ પડશે. પવનની ઝડપ ૩૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાનો અંદાજ છે. પાટનગરમાં ફેબ્રુઆરી મહિનામાં ગરમીએ ૭૨ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. વર્ષ ૧૯૫૧થી ૨૦૨૩ સુધીમાં આ ફેબ્રુઆરી મહિનો ત્રીજી વખત સૌથી ગરમ રહ્યો હતો પરંતુ બુધવારે વરસાદ બાદ ગરમી કાબૂમાં આવવાની આશા છે.

હવામાન વિભાગે આગામી બે મહિના માટે ગરમીની આગાહી પણ કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, માર્ચથી મે દરમિયાન પૂર્વોત્તર, પૂર્વ અને મધ્ય ભારતના મોટાભાગના ભાગો અને ઉત્તર પશ્ચિમ ભારતના કેટલાક ભાગો સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. દેશના બાકીના ભાગોમાં મહત્તમ તાપમાન સામાન્ય અથવા તેનાથી નીચે રહેશે.

# રાજ્યમાં ફરી માવઠાની આગાહી

## ૩જી માર્ચ બાદ રાજ્યના ઘણા વિસ્તારોમાં માવઠુ પડી શકે છે : ત્યારબાદ મહત્તમ તાપમાન વધીને ૪૧ ડિગ્રી સુધી જઈ શકે છે : ગુજરાતીઓ ગરમીમાં શેકાવવા રહેજો તૈયાર

ગાંધીનગર, તા. ૧

ભર ઉનાળે માવઠુ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. આગામી બે-ત્રણ દિવસમાં જ રાજ્યના ઘણા વિસ્તારોમાં માવઠુ પડી શકે છે. માવઠુ પડતા ખેત પાકોને નુકશાન થવાની આશંકા છે.

રાજ્યમાં ઉનાળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. ઉનાળાના પ્રારંભે જ રાજ્યના ઘણા વિસ્તારોમાં માવઠુ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે. માર્ચ મહિનાની શરૂઆતમાં જ રાજ્યના ઘણા વિસ્તારોમાં વાતાવરણમાં પલ્ટો આવી શકે છે. ઉત્તર ગુજરાત અને કચ્છના વિસ્તારોમાં વાદળો છવાશે. કેટલાક સ્થળોએ માવઠુ પણ થઈ શકે છે. ૨ જી માર્ચથી ૮મી માર્ચ સુધીમાં ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ વરસી શકે છે.

હાલમાં ખેત પાકો લણવાની મોસમ ચાલી રહી છે ત્યારે કમોસમી વરસાદની આગાહીએ ખેડૂતોમાં ચિંતા પ્રસરાવી છે. કમોસમી વરસાદની શક્યતાઓ વચ્ચે થોડાક દિવસો તાપમાનનો પારો નીચો જોઈ શકે છે. તે પછી ઉનાળો તેનો અસલી મિજાજ બતાવવો શરૂ કરશે. માર્ચ મહિનાના મધ્યે જ રાજ્યના ઘણા વિસ્તારોમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી જઈ શકે છે.

દરમિયાન ગુજરાતમાં સત્તાવાર રીતે ગરમીની શરૂઆત થઈ ગઈ છે. ત્યારે માર્ચ અને એપ્રિલમાં અંગ દઝાડતી ગરમી પડવાની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત માર્ચ મહિનામાં માવઠાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. વધતી ગરમીને કારણે અમદાવાદના સોલા સિવિલમાં હિટ સ્ટ્રોક વોર્ડ પણ તૈયાર કરી દેવામાં આવ્યો છે. વધતી કાળઝાળ ગરમીને કારણે અમદાવાદમાં હિટ સ્ટ્રોકના દર્દીને સારવાર મળી રહે તે માટે સિવિલ અને સોલા સિવિલમાં ૧૨થી ૧૫ બેડનો અલાયદો વોર્ડ શરૂ કરાશે.

આ અંગે સિવિલના આરએમઓ ડો. પ્રદીર પટેલે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે, માર્ચથી હોસ્પિટલમાં હીટ સ્ટ્રોકના દર્દી માટે અલાયદો વોર્ડ શરૂ કરાશે. આ ઉપરાંત અન્ય સિનિયર ડોક્ટરે પણ જણાવ્યુ કે, ગયા વર્ષે પણ હોસ્પિટલમાં ૧૨ બેડનો હીટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરાયો હતો. તે રીતે આ વખતે પણ હિટ સ્ટ્રોક વોર્ડ શરૂ કરવામાં આવશે.

# જુનિયર ક્લાર્કની મોકુફ રખાયેલી પરીક્ષા નવમી એપ્રિલે લેવાશે

## ગુજરાત પંચાયત પસંદગી મંડળે સત્તાવાર જાહેરાત કરી : પૂરતા પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ છે કે કેમ તેની વિગતો જિલ્લાઓ પાસેથી મંગાવવામાં આવી હતી જે બાદ પરીક્ષાની ફાઈનલ તારીખ જાહેર કરી છે

ગાંધીનગર,તા.૧

જુનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યા બાદ ન્ઈઠ્ઠ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલને પંચાયત સેવા મંડળની જવાબદારી સોંપવામાં આવી હતી. હસમુખ પટેલે ટ્વીટ કરીને માહિતી આપી હતી કે 'પંચાયત સેવા પસંદગી બોર્ડ જુનિયર ક્લાર્કની પરીક્ષા ૦૯મી એપ્રિલે અને તલાટીની પરીક્ષા ૨૩મી એપ્રિલના રોજ લેવા માંગે છે. પરીક્ષા કેન્દ્રોને લઈને જિલ્લાઓ પાસેથી વિગતો માંગવામાં આવી છે.' ત્યારે જુનિયર ક્લાર્ક અને તલાટીની પરીક્ષાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે.

૧૧૮૧ જગ્યા પર યોજાનાર જુનિયર ક્લાર્કની પરિક્ષા મોકૂફ રખાઈ હતી. જૂનિયર ક્લાર્ક પરીક્ષાનું વડોદરાથી પેપર લીક થયું હતું. જેને લઈને ૯ લાખ ૫૩ હજારથી વધુ ઉમેદવારોની મહેનત પાણીમાં ગઈ હતી. બીજી બાજુ પેપરલીક કાંડમાં છ્જીએ કુલ ૧૬ આરોપીની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. જે બાદ આગામી ૧૦૦ દિવસમા ફરી પરીક્ષા લેવામાં આવશે તેવો દાવો કરવામાં આવ્યો હતો. એટલું જ નહિ નવી પરીક્ષામા ઉમેદવારો વિનામુલ્યે પરીક્ષા કેન્દ્ર પર જઈ શકશે તેવું પણ બોર્ડે જણાવ્યું હતું. ત્યારે આજે પરીક્ષાની તારીખ જાહેર કરી છે.

# ભાજપના ત્રણ જિલ્લા અને એક શહેર પ્રમુખનાં રાજીનામાં

## ભાજપ પ્રદેશ અધ્યક્ષે પ્રમુખોના રાજીનામાં સ્વીકારી લીધા

અમદાવાદ, તા.૧

ગુજરાતના રાજકારણમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. ભાજપ સંગઠનમાં ફેરફારના થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. આજે ત્રણ જિલ્લાના અને એક શહેર ભાજપ પ્રમુખે રાજીનામાં આપ્યા છે. સુત્રોમાંથી મળતા અહેવાલ મુજબ ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે આ પ્રમુખોના રજીનામાં સ્વીકારી લીધા છે. ગુજરાતના રાજકારણમાંથી મોટા સમાચાર આવી રહ્યા છે. આજે ભારતીય જનતા પાર્ટીના ગુજરાત રાજયના પ્રદેશ પ્રમુખે ત્રણ જિલ્લાના પ્રમુખો અને એક શહેર પ્રમુખ પાસેથી રાજીનામાં સ્વીકારી લીધા છે. આજે મહેસાણા, બોટાદ અને ભાવનગર જિલ્લાના પ્રમુખ સહિત ભાવનગર શહેરના પ્રમુખનુ પણ રાજીનામુ સ્વીકારી લેવામાં આવ્યુ છે. વિધાનસભાની ચૂંટણીમાં બોટાદ જિલ્લામાં હાર થવાના કારણથી જિલ્લા પ્રમુખનું રાજીનામું લઈ લેવામાં આવ્યું છે. બીજી તરફ ભાવનગરમાં આંતરિક જુથ વિખવાદ સામે આવેલી ફરિયાદોના કારણે ભાવનગર શહેર તેમજ જિલ્લા પ્રમુખનું રાજીનામું લેવામાં આવ્યુ છે.

# ખેડૂતોને ઉનાળામાં પાક વાવેતર માટે ૨.૨૭ મિલી. એકર ફીટ વધારાનું પાણી મળશે

## ઉનાળું પાક માટે સિંચાઈનું પાણી અપાશે : રાજ્યમાં આ વર્ષે પણ ઉનાળામાં પીવાના પાણીની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું

ગાધીનગર,તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલ કેબિનેટ બેઠકના બ્રિફિંગમાં પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતુ કે, આ વર્ષે રાજ્યના ખેડૂતોને ઉનાળામાં સિંચાઈ માટે વધારાનું ૨.૨૭ મિલીયન એકર ફીટ પાણી મળશે. તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું કે, આ વર્ષે નર્મદા કંટ્રોલ ઓથોરિટી દ્વારા ગુજરાતને દર વર્ષે ફાળવણી થતા ૯ MAF પાણીના સ્થાને કુલ ૧૧.૨૭ મિલયન એકર ફીટ પાણીની ફાળવણી કરી છે. જેના પરિણામે આ વર્ષે ગુજરાતના ખેડૂતોના ભાગે વધારાનું પાણી સિંચાઈ માટે ઉપલબ્ધ બનશે. વધુમાં તેમણે ઉમેર્યુ કે રાજ્યના જે ડેમોમા જૂથ યોજનાઓ છે ત્યાં નર્મદા સિવાયનું પણ પાણી આપવામાં આવશે. જેના પરિણામે આ વર્ષે રાજ્યના ખેડૂતોને વાવેતરમાં વધુ સરળતા રહેશે તેવું મંત્રીએ ઉમેર્યુ હતુ. રાજ્યમાં આ વર્ષે પણ ઉનાળામાં પીવાના પાણીની પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# મોટેરા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે પીએમ મોદી નિહાળશે મેચ

## ૯ માર્ચે પીએમ મોદી ગુજરાત પ્રવાસે આવશે : નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઓસ્ટ્રેલિયાના પીએમ તથા મોદી ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની ક્રિકેટ મેચ નિહાળશે

અમદાવાદ,તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવવાના છે. ૯ માર્ચના રોજ પીએમ મોદી ગુજરાતની મુલાકાતે આવવાના છે જેઓ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ઓસ્ટ્રેલિયાના પીએમ તથા પીએમ મોદી ક્રિકેટ મેચ નિહાળશે.૯ માર્ચે પીએમ મોદી આવશે ગુજરાત પ્રવાસે, ઓસ્ટ્રેલિયાના પીએમ તથા પીએમ મોદી નિહાળશે ક્રિકેટ મેચ, રાજયભરમાંથી ભાજપના વિધાનસભા વાઈઝ ૫૦૦ કાર્યકર્તાઓ મેચ નિહાળશે

૯ માર્ચે વડાપ્રધાન મોદી મેચ નીહાળવા અમદાવાદ આવવાના છે, જેઓ ઓસ્ટ્રેલિયાના પીએ સાથે નરેન્દ્ર મોદી સ્ટેડિયમાં ખાતે મેચ નીહાળશે. રાજયભરમાંથી ભાજપના વિધાનસભા વાઈઝ કાર્યકર્તાઓ મેચ જોશે. આ મેચ ભારત-ઓસ્ટ્રેલિય વચ્ચે રમાવાની છે. આ મેચ તમામ વિધાનસભા વાઈઝ ૫૦૦ જેટલા કાર્યકર્તાઓ પણ મેચ નીહાળશે.સિરીઝની છેલ્લી ટેસ્ટ મેચને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની એલ્બનીજ સાથે જોશે છે.

આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે, તેથી આ પ્રસંગ વધુ ખાસ બનશે. અને આ મેચ પણ ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાવાની છે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે છેલ્લી ટેસ્ટ રમાવાની છે.

# રાજકોટમાં રાજ્યની સૌથી પહેલી સ્કિન બેંક શરૂ થઈ

## આ સ્કિનને જે વ્યક્તિનું મૃત્યુ થયુ છે તેના છ કલાકમાં લેવામાં આવે છે, આથી સૌરાષ્ટ્રના લોકો સ્કીનનું દાન પણ કરી શકશે

રાજકોટ,તા.૧

ખાનગી હોસ્પિટલમાં અપાતી મોંઘીદાટ સેવાઓ રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રાહત દરે થઈ રહી હોવાથી રાજકોટની આ હોસ્પિટલ અનેક ગરીબ પરિવાર માટે આશીર્વાદરૂપ સાબિત થઈ છે.ત્યારેરાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સ્કિન બેંકની શરૂઆત કરી દેવામાં આવી છે. આજે સાંસદ રામ મોકરિયા દ્વારા તેને શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, દાઝી ગયેલા દર્દીઓને હવે ડ્રેસિંગ અને દર્દીમાંથી મુક્તિ મળશે. લેવામાં આવતી સ્કિનને પાંચ વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાય છે. સ્કિનને કઈ રીતે અને કેટલા તાપમાનનામા રાખવી તેના પર વાત કરીએ તો તેને ફ્રિઝમાં માઈનસ ૮૦ ડિગ્રી તાપમાનમાં રાખવામાં આવે છે. આ સ્કિનને જે વ્યક્તિનું મૃત્યુ થયુ છે તેના છ કલાકની અંદર જ લેવામાં આવે છે.આથી સૌરાષ્ટ્રના લોકો સ્કીનનું દાન પણ કરી શકશે

જે લોકો દાઝી ગયા હોય તેવા દર્દી માટે આ બેંક અને સ્કીન ખૂબ જ ઉપયોગી બની શકે છે. જે લોકો કોઈ કારણથી દાઝ્યા હોય છે તો તે લોકોને બાયોલોજીકલ ડ્રેસિંગના સ્વરૂપમાં આ સ્કિન લગાવી શકાય છે. જેના કારણે દાઝી ગયેલા ભાગ પર કોઈ પણ પ્રકારનું ઈન્ફેકશન આવતુ નથી. અને થોડા સમય બાદ દાઝી ગયેલા દર્દીને નવી સ્કિન આવવા લાગે છે. આમ નવી સ્કિન આવતા લગાવવામાં આવેલી સ્કિન નીકળવા લાગે છે.

કોઈ પણ વ્યક્તિના શરીરમાં તેમના અંગ મહત્વના હોય છે પરંતુ તેની સાથે સાથે સ્કિન સેન્સેટીવ હોય છે. થોડુ પણ જો શરીરમાં ઘસાય કે છોલાય છે તો તરત જ લોહી નીકળવા લાગે છે. સ્કિનનું મહત્વ ત્યારે આપણને સમજાય છે. તેથી કોઈ વ્યક્તિ દ્વારા ડોનેટ કરવામાં આવેલી સ્કિનને ફ્રિઝમાં માઈનસ ૮૦ ડિગ્રી તાપમાનમાં રાખવામાં આવે છે.

# ડુંગળી-બટાકાના ખેડૂતોને સહાય જાહેર કરવામાં આવશે : ઋષિકેશ પટેલ

## સરકાર આગામી સમયમાં ખેડૂતો માટે સહાય જાહેર કરશે : રાજ્યમાં ખેડૂતો દ્વારા ડુંગળીનું વેચાણ મુખ્યત્વે મહુવા, ભાવનગર, રાજકોટ, ગોંડલ એપીએમસીમાં થાય છે

ગાંધીનગર,તા.૧

રાજ્ય સરકાર આગામી સમયમાં ખેડૂતો માટે સહાય જાહેર કરશે. કેબિનેટ મિટિંગમાં સૈદ્ધાંતિક મંજૂરી મળ્યા બાદ મંત્રી ઋષિકેશ પટેલે નિવેદન આપ્યું હતું. તેમાં ડુંગળી અને બટાકાના ખેડૂતો માટે સહાય જાહેર કરવામાં આવશે.

પ્રવક્તા મંત્રીએ કહ્યુ હતુ કે, 'મે માસમાં સંગ્રહ થયેલી ડુંગળીનો ઓક્ટોબર-નવેમ્બર મહિનામાં વપરાશ થઈ જતા તેમજ મહારાષ્ટ્ર-રાજસ્થાનથી ડુંગળીનો ખરીફ પાક બજારમાં આવતા ભાવમાં વધઘટ થાય છે. જેથી ખેડૂતોને યોગ્ય ભાવ મળતા નથી. રાજ્યમાં ડુંગળી પકવતા મુખ્ય જિલ્લાઓમાં ભાવનગર, ગીર સોમનાથ, રાજકોટ, જુનાગઢ, સુરેન્દ્રનગર અને અમરેલી વગેરેનો સમાવેશ થાય છે. ખરીફ, લેટ ખરીફ તથા રવી ઋતુ દરમ્યાન ઓકટોમ્બરથી ફેબ્રુઆરીમાં સારા બજારભાવ મળતાં હોવાથી લીલી ડુંગળીનું પણ વેચાણ થાય છે.'

ઋષિકેશ પટેલે કહ્યુ હતુ કે, ગુજરાતમાં ડુંગળીના પાકનું છેલ્લા પાંચ વર્ષમાં પ્રતિવર્ષ સરેરાશ વાવેતર વિસ્તાર ૬૪,૬૪૬ હેકટર છે. જ્યારે ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં અંદાજિત વાવેતર ૬૯,૭૭૯ હેક્ટર જેટલું થયું છે. જેમાંથી અંદાજિત ૧૭.૩૬ લાખ મે.ટન જેટલું ઉત્પાદન મળવાની શક્યતા છે. રાજ્યમાં ખેડૂતો દ્વારા ડુંગળીનું વેચાણ મુખ્યત્વે મહુવા, ભાવનગર, રાજકોટ અને ગોંડલ એ.પી.એમ.સી.માં થાય છે.